# Be the BEST

BAPS Presentation

Day-14 | 1 July 2020



પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

## “Satsang”

જય સ્વામિનારાયણ બાળમિત્રો,
આજે આપણે નવધા ભક્તિ એટલે શું?
તે સમજીશું, અને એમાંથી કોઇ પણ બે
પ્રકારની ભક્તિ આપણે કરીશું.
૧. શ્રવણ, ૨. કીર્તન, ૩. સ્મરણ,
૪. પાદસેવન ૫. અર્ચન, ૬. વંદન,
૭. દાસ, ૮. સખ્યમ્, ૯. આત્મનિવેદન

ચાલો, પૂજ્ય સ્વામીબાપાની ગુરુભક્તિ વિશેનો
એક વીડિયો અહીં આપેલ લીંક દ્વારા જોઇએ.

Click here



## “Study Technique”



બાળમિત્રો, અભ્યાસને આનંદમાં
કેવી રીતે ફેરવી શકાય?
તેની રીત જાણવા
નીચે આપેલી લીંક દબાવો...

Click here

## “Fun Time”

બાળમિત્રો,
આજે આપણે એકાગ્રતામાં
કેવી રીતે વધારો કરી શકાય?
તે શીખીશું...
લીંક દબાવો અને વિડીયો માણો...

Click here



## “Skill”



હવે, આપણે વેસ્ટમાંથી
બેસ્ટ બનાવીશું.
લીંક દબાવો અને વિડીયો માણો...


Click here

# “My Guru, My Life”

શું તમે જાણો છો?
આપણા ગુરુવર્યો પણ સ્વચ્છતાના ખૂબ આગ્રહી છે.
તેઓને મન સ્વચ્છતા રાખવી,
સાફ-સફાઇ કરવી તે પણ એક ભક્તિ છે.

તો બાળમિત્રો, આવો
પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનો
આ વાત સમજાવતો એક વીડિયો માણીએ...

Click here



Be The Best

# "General Knowledge"













## શ્વાન સૃષ્ટિ

શ્વાન એટલે કૂતરો. ભગવાને અનેક પશુ-પંખી બનાવ્યાં છે. એમાંય એક જ જાતનાં પશુમાંય અનેક વિશેષતાઓ મૂકી છે. આજે ૧૫૦ થી વધુ કૂતરાંઓના પ્રકારો જોવા મળે છે. ચાલો, આપણી જ આસપાસ ફરતા ૧૦ વિશેષ કૂતરાઓ વિશે વધુ જાણીએ.

૧. **સૌથી ઝડપી કૂતરો : ગ્રેહાઉન્ડ**
સને ૧૯૯૪માં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ સ્પર્ધામાં ગ્રેહાઉન્ડે ૧ કલાકમાં ૬૭.૧૪ કિ.મી. દોડી વિક્રમ નોંધાવ્યો હતો. જે અતૂટ રહ્યો છે.

૨. **સૌથી પડછંદ કૂતરો : ગ્રેટ ડેન**
ઊંચાઈ : ૧.૯ મીટર, વજન : ૧૧૧ કિ. ગ્રામ બરફમાં ઘણા ફૂટ સુધી દટાયેલા માણસોનેય તે સૂંઘીને ઓળખી શકે છે.

૩. **સૌથી નાનો કૂતરો : શિવાવા**
લંબાઈ : ૧૬.૫ સે.મી., ઊંચાઈ : ૧૦ સે.મી., વજન : ૬૮૦ ગ્રામ.

૪. **શ્રેષ્ઠ ગંધપારખું કૂતરો : ડોબરમેન**
સને ૧૯૨૫માં દક્ષિણ આફ્રિકાના એક ડોબરમેને પગલાં સૂંઘીને ૧૬૦ કિ.મી. દૂર ભાગેલા ચોરને પકડ્યો હતો.

૫. **સૌથી ઊંચું કૂદતો કૂતરો : આલ્સેશિયન**
સને ૧૯૨૫માં ફ્રાન્સની સ્પર્ધામાં એક આલ્સેશિયન કૂતરાએ ૧૧ ફૂટ ૯ ઇંચ કૂદી વિક્રમ નોંધાવ્યો છે.


૬. **સૌથી દુર્લભ કૂતરો : ચિનૂક**
ન બોલતા કે ન ભસતા આ કૂતરાઓની વસ્તી દુનિયામાં માત્ર ૧૦૦ જ છે.

૭. **સૌથી વજનદાર કૂતરો : સેન્ટ બર્નાડે**
જન્મ : સને ૧૯૮૧. વજન : ૧૫૩.૫ કિ. ગ્રામ

૮. **સૌથી તાકાતવાન કૂતરો : કાશવિન્ટા વી થોર**
સેન્ટ બર્ના ડે જાતિના આ કૂતરાએ સને ૧૯૭૪માં અમેરિકામાં પોતાના વજન કરતાં ૩૩.૫ ગણું વજન ખેંચ્યું હતું.

૯. **સૌથી ખ્યાતનામ કૂતરો : લેસી**
અમેરિકામાં તેના પર ૭ ફિલ્મો બની છે. સને ૧૯૫૪થી ૧૫ વર્ષ સુધી લેસીની સીરિયલ અમેરિકાના ટી.વી. નેટવર્ક પર ચાલી હતી.

૧૦. **સૌથી ખતરનાક કૂતરો : બુલ ટેરિયર**
જરાક છંછેડો અને તેના મગજમાં ઝેરી રસાયણ ઝરે. પછી તો અમુક સેકંડોમાં જ તે માણસને ચીરી નાંખે.












# "Memories"


















**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Be the Best" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યાં છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલાં**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

Click here

# આપનો ડૉક્ટર મિત્ર





દર ૨૦ મિનિટે
સાબુથી ઘસીને હાથ
ધોઈ નાંખશો.



ઉધરસ/છીંક
આવે તો રૂમાલ
રાખીને ખાશો.



બહાર જાવ
ત્યારે માસ્ક
હંમેશા પહેરશો.



ઘરની બહાર
નીકળવું નહિ.



આંખ, મોઢું, નાકને
સ્પર્શ કરવાનું ટાળો.



ઘરમાં એકબીજા
સભ્યોથી દૂર રહો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

Click here

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહીં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ

Be The Best